ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**- અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 23rd March, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
................................................................,
ભાવનગર.

૨૨મી માર્ચને 'વિશ્વ પાણી દિવસ' અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## "પાણીના વ્યય નો ક્ષય" અને "પાણી બચાવવાના મારા નુસ્ખા" વિડીયો સ્પર્ધા :

ભાગ લેનારે વધુ માં વધુ ૨ (બે) મિનીટનો વિડીયો બનાવીને વેબસાઈટ પર અપલોડ કરવાનો રહેશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૨૨ માર્ચ એટલે વિશ્વ જળ દિવસ. વિશ્વ ભરમાં ઉજવાતા તમામ દિવસોની કોઈ ખાસ હેતુને કેન્દ્ર સ્થાને રાખીને લોક જાગૃતિ માટે વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧ની વિશ્વ જળ દિવસની થીમ "Valuing Water" પાણીનું મૂલ્ય તેના ભાવ કરતા ઘણું વધારે છે - પાણી આપણા ઘર, ખોરાક, સંસ્કૃતિ, આરોગ્ય, શિક્ષણ, અર્થશાસ્ત્ર અને આપણા કુદરતી વાતાવરણની અખંડિતતા માટે પ્રચંડ અને જટિલ મૂલ્ય ધરાવે છે. શું આપ જાણો છો કે આજે દર 3 માંથી 1 વ્યક્તિ પીવાનું શુદ્ધ પાણી ન મળવાથી અનેક અનેક લોકો મુશ્કેલીભર્યું જીવન વિતાવી રહ્યા છે. સંશોધન આધારે આવનારા વર્ષ 2050 સુધીમાં દુનિયાના 5.7 અબજ લોકો ઓછામાં ઓછા એક મહિના સુધી પાણીની અછત હોય તેવા વિસ્તારોથી અસરગ્રસ્ત હશે.

હાલ વિશ્વ પાણીની અછતનો સામનો કરી રહ્યું છે, ત્યારે પાણીનું મહત્વ સમજાય તે માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા એક અનોખી સ્પર્ધા "પાણીના વ્યય નો ક્ષય" અને "પાણી બચાવવાના મારા નુસ્ખા"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વ્યક્તિ પોતાના ઘર કે ઘરની આસપાસ પાણીનું સંરક્ષણ કરવાના ઉપાયો અને તેનું પ્રાયોગિક નિદર્શન કરતી હોય અને પાણીનું મહત્વ સમજાવતો હોય તેવો વધુમાં વધુ ૨ (બે) મિનીટનો શોર્ટ વિડીયો બનાવવાનો રહેશે. આ વિડીયો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની વેબસાઈટ www.krcscbhavnagar.org /Current Events પર તારીખ ૨૭-૦૩-૨૦૨૧ ના ૨૩:૫૯ વાગ્યા સુધી અપલોડ કરવાનો રહેશે.

વિજેતા થનાર લોકોને સન્માનિત કરવામાં આવશે. તેમજ ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવશે.

23/03/2021
6:25 pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar